ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગરના પત્ર-ક્રમાંક
જીસીઈઆરટી/સી એન્ડ ઈ/2014/2222, તા. 3-2-2014થી મંજૂર

શિક્ષક અને વાલી માટે અલગથી
શિક્ષક-આવૃત્તિ તૈયાર કરવામાં આવી છે,
જેનો ઉપયોગ અવશ્ય કરશો.

# ગુજરાતી

## ધોરણ 5

**(પ્રથમ સત્ર – દ્વિતીય સત્ર)**

### પ્રતિજ્ઞાપત્ર

ભારત મારો દેશ છે.
બધાં ભારતીયો મારાં ભાઈબહેન છે.
હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને
વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે.
હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.
હું મારાં માતાપિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે આદર રાખીશ
અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.
હું મારા દેશ અને દેશબાંધવોને મારી નિષ્ઠા અર્પું છું.
તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ રહ્યું છે.

**રાજ્ય સરકારની વિનામૂલ્યે યોજના હેઠળનું પુસ્તક**

વિદ્યાર્થીનું નામ : ______________________

શાળાનું નામ : ______________________

વર્ગ : ____________ રોલ નંબર : ____________

તમસો મા જ્યોતિર્ગમય

ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ
'વિદ્યાયન' સેક્ટર-10એ, ગાંધીનગર

© ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર
આ પાઠ્યપુસ્તકના સર્વ હક ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળને હસ્તક છે.
આ પાઠ્યપુસ્તકનો કોઈ પણ ભાગ કોઈ પણ રૂપમાં ગુજરાત રાજ્ય શાળા
પાઠ્યપુસ્તક મંડળના નિયામકની લેખિત પરવાનગી વગર પ્રકાશિત કરી શકાશે નહિ.

**લેખન-સંપાદન (SRG)**

શ્રી કિશોરભાઈ પાર્થ
શ્રી યાહ્યા સપાટવાલા
શ્રી મીનેશકુમાર વાળંદ
શ્રી મહંમદરફીક મનસુરી
શ્રી હર્ષવીબહેન પટેલ
શ્રી નીતાબહેન ઉપાધ્યાય
શ્રી રતનબહેન પરમાર
શ્રી મનીષભાઈ સુથાર
શ્રી સુભાષભાઈ હરિજન
શ્રી મહેન્દ્રભાઈ મકવાણા
શ્રી ઉદયકુમાર દેસાઈ
શ્રી યોગેશભાઈ પટેલ
શ્રી દક્ષાબહેન ગજ્જર
શ્રી નટવરભાઈ સુથાર
શ્રી હસમુખ પટેલ
શ્રી નિમેષ ટેલર
શ્રી મણિલાલ લાડ
શ્રી વિક્રમ શિયાળ
ડૉ. ભીખુભાઈ વેગડા
શ્રી જિજ્ઞેશપુરી ગોસ્વામી
શ્રી પ્રકાશભાઈ ભટ્ટી
શ્રી રાજેશ મહેતા
શ્રી રમેશભાઈ ઠક્કર
શ્રી મધુસૂદન ઠક્કર
શ્રી પ્રવીણભાઈ મચ્છોયા
શ્રી સુરેશભાઈ નાગલા
શ્રી કપીલાબહેન ચૌધરી
શ્રી ભગવાનદાસ દૂધરેજિયા
શ્રી કલ્પેશ પટેલ
શ્રી દિનેશભાઈ પ્રજાપતિ
શ્રી રમેશભાઈ ત્રિવેદી
શ્રી જિતેન્દ્રભાઈ કાપડિયા
શ્રી અમરતભાઈ રબારી
શ્રી વિનોદરાય ઓઝા
શ્રી મયૂરીબહેન ચૌહાણ
શ્રી જ્યોત્સના બોરણિયા

**સમીક્ષા**

ડૉ. રમેશ આ. ઓઝા
ડૉ. સંતોષ દેવકર
શ્રી જગમાલ જી. પાવરા
શ્રી અશ્વિનસિંહ એલ. સોલંકી
ડૉ. યોગેન્દ્ર વ્યાસ
ડૉ. બળવંતભાઈ તેજાણી
શ્રી પ્રકાશચંદ્ર વ. પરમાર

**ચિત્રાંકન**

શ્રી લાલજીભાઈ જે. કણઝરિયા
શ્રી જેઠાભાઈ ટાંક
શ્રી વનમાળીભાઈ ડોડિયા
સર્જન ગ્રાફિક્સ
શ્રી રાજેન્દ્ર વસાવા
શ્રી દિનેશભાઈ જોષી
શ્રી જ્યોતિ ખત્રી

**સંયોજન**

શ્રી કિશન એફ. વસાવા
(વિષય-સંયોજક : ગુજરાતી-સંસ્કૃત)

**નિર્માણ-આયોજન**

શ્રી સી. ડી. પંડ્યા
(નાયબ નિયામક : શૈક્ષણિક)

**મુદ્રણ-આયોજન**

શ્રી હરેશ એસ. લીમ્બાચીયા
(નાયબ નિયામક : ઉત્પાદન)

## પ્રસ્તાવના

NCF-2005 તેમજ RTE-2009ને ધ્યાનમાં રાખીને દેશમાં પ્રાથમિક શિક્ષણનાં અભ્યાસક્રમ, પાઠ્યક્રમ અને પાઠ્યપુસ્તકો તેમજ સમગ્ર શિક્ષણ-પ્રક્રિયામાં બદલાવ થઈ રહ્યો છે. આ બદલાવ મુખ્યત્વે જે-તે વિષયો તેમજ શિક્ષણ-પ્રક્રિયા સંદર્ભે આપણી સમજ અંગેનો છે. બાળકની સર્જનશીલતા, વિચારશક્તિ, તર્કશક્તિ અને પૃથક્કરણ કરવાની આવડત વિકસે એ આ અભ્યાસક્રમનો મુખ્ય હેતુ છે. આ અભિગમને ધ્યાનમાં રાખીને જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર દ્વારા તૈયાર કરવામાં આવેલ ધોરણ 5નું પ્રસ્તુત પાઠ્યપુસ્તક ગુજરાતી વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓ સમક્ષ રજૂ કરતાં મંડળ આનંદ અનુભવે છે.

નવાં અભ્યાસક્રમ, પાઠ્યક્રમ અને પાઠ્યપુસ્તક-નિર્માણની સમગ્ર પ્રક્રિયામાં IGNUS-erg ટીમના સભ્યોએ સતત માર્ગદર્શન આપતા રહીને સ્ટેટ રિસોર્સ ગ્રૂપના સભ્યોને સજ્જ બનાવ્યા છે. UNICEFનો સહયોગ પણ આ આખી પ્રક્રિયા દરમિયાન મળ્યો છે. જે-તે વિષયના કોર ગ્રૂપના સભ્યોએ પણ વખતોવખત સહયોગ આપ્યો છે.

આ પાઠ્યપુસ્તકનો રાજ્યમાં અમલ કરતાં અગાઉ પસંદગીની શાળાઓમાં ત્રણ વર્ષ માટે અજમાયશી ધોરણે મૂકવામાં આવેલ હતું. તે દરમિયાન વિદ્યાર્થીઓને વર્ગમાં શીખવાડતી વખતે જે-જે અનુભવો થયા તેનાં વ્યાપક તારણો, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ દ્વારા પ્રાપ્ત કરવામાં આવ્યાં અને તે મુજબ સુધારા-વધારા કરવામાં આવ્યા છે.

આ પાઠ્યપુસ્તકના સમગ્ર રાજ્યવ્યાપી અમલ પૂર્વે પાઠ્યપુસ્તક મંડળ દ્વારા આમંત્રિત વિષય-નિષ્ણાતો અને પાઠ્યપુસ્તક તૈયાર કરનાર જી.સી.ઈ.આર.ટી.ના નિષ્ણાતોની સંયુક્ત બેઠક બોલાવીને તેઓનાં સૂચનોને ધ્યાનમાં લઈને આ પાઠ્યપુસ્તકને આખરી સ્વરૂપ આપવામાં આવેલ છે.

પ્રસ્તુત પાઠ્યપુસ્તકને ગુણવત્તાયુક્ત તથા બાળભોગ્ય બનાવવા માટે પૂરતી જહેમત ઉઠાવી છે. તેના ચતુરંગી સ્વરૂપ દ્વારા બાળકો હોંશે હોંશે તેનો ઉપયોગ કરે એવું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.

આ પાઠ્યપુસ્તકને ક્ષતિરહિત બનાવવા માટે પૂરતા પ્રયત્નો કર્યા છે, તેમ છતાં શિક્ષણમાં રસ ધરાવનાર વ્યક્તિઓ પાસેથી સૂચનો આવકાર્ય છે.

| એમ. ટી. શાહ | ડૉ. ભરત પંડિત | ડૉ. નીતિન પેથાણી |
|---|---|---|
| નિયામક | નિયામક | કાર્યવાહક પ્રમુખ |
| (જી.સી.ઈ.આર.ટી.) | (પાઠ્યપુસ્તક મંડળ) | (પાઠ્યપુસ્તક મંડળ) |

તા. 31-1-2014

ગાંધીનગર

પ્રથમ આવૃત્તિ : 2014

**પ્રકાશક :** ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, 'વિદ્યાયન', સેક્ટર 10-એ, ગાંધીનગર વતી ભરત પંડિત, નિયામક

**મુદ્રક :**

# મૂળભૂત ફરજો

ભારતના દરેક નાગરિકની ફરજ નીચે મુજબ રહેશે :*

(ક) સંવિધાનને વફાદાર રહેવાની અને તેના આદર્શો અને સંસ્થાઓનો, રાષ્ટ્રધ્વજનો અને રાષ્ટ્રગીતનો આદર કરવાની;

(ખ) આઝાદી માટેની આપણી રાષ્ટ્રીય લડતને પ્રેરણા આપનારા ઉમદા આદર્શોને હૃદયમાં પ્રતિષ્ઠિત કરવાની અને અનુસરવાની;

(ગ) ભારતનાં સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાનું સમર્થન કરવાની અને તેમનું રક્ષણ કરવાની;

(ઘ) દેશનું રક્ષણ કરવાની અને રાષ્ટ્રીય સેવા બજાવવાની હાકલ થતાં, તેમ કરવાની;

(ચ) ધાર્મિક, ભાષાકીય, પ્રાદેશિક અથવા સાંપ્રદાયિક ભેદોથી પર રહીને, ભારતના તમામ લોકોમાં સુમેળ અને સમાન બંધુત્વની ભાવનાની વૃદ્ધિ કરવાની, સ્ત્રીઓના ગૌરવને અપમાનિત કરે તેવા વ્યવહારો ત્યજી દેવાની;

(છ) આપણી સમન્વિત સંસ્કૃતિના સમૃદ્ધ વારસાનું મૂલ્ય સમજી તે જાળવી રાખવાની;

(જ) જંગલો, તળાવો, નદીઓ અને વન્ય પશુપક્ષીઓ સહિત કુદરતી પર્યાવરણનું જતન કરવાની અને તેની સુધારણા કરવાની અને જીવો પ્રત્યે અનુકંપા રાખવાની;

(ઝ) વૈજ્ઞાનિક માનસ, માનવતાવાદ અને જિજ્ઞાસા તથા સુધારણાની ભાવના કેળવવાની;

(ટ) જાહેર મિલકતનું રક્ષણ કરવાની અને હિંસાનો ત્યાગ કરવાની;

(ઠ) રાષ્ટ્ર પુરુષાર્થ અને સિદ્ધિનાં વધુ ને વધુ ઉન્નત સોપાનો ભણી સતત પ્રગતિ કરતું રહે એ માટે, વૈયક્તિક અને સામૂહિક પ્રવૃત્તિનાં તમામ ક્ષેત્રે શ્રેષ્ઠતા હાંસલ કરવાનો પ્રયત્ન કરવાની

(ડ) માતા-પિતાએ અથવા વાલીએ 6 વર્ષથી 14 વર્ષ સુધીની વયના પોતાના બાળક અથવા પાલ્યને શિક્ષણની તકો પૂરી પાડવી.


*ભારતનું સંવિધાન : કલમ ૫૧-क

# અનુક્રમણિકા

## (પ્રથમ સત્ર)


| ક્રમ | એકમ | પ્રકાર | લેખક/કવિ | પાના નં. |
|---|---|---|---|---|
| 1. | ચબૂતરો | ચિત્રપાઠ | - | 1 |
| 2. | પર્વત તારા | પ્રાર્થના | સુરેશ દલાલ | 4 |
| 3. | મહેનતનો રોટલો | બોધકથા | પન્નાલાલ પટેલ | 8 |
| 4. | સુંદર સુંદર | પ્રકૃતિગીત | ધર્મેન્દ્ર માસ્તર 'મધુર' | 17 |
| • | પુનરાવર્તન 1 | | | 21 |
| 5. | શરદીના પ્રતાપે | હાસ્યકથા | જ્યોતીન્દ્ર દવે | 24 |
| 6. | નર્મદામૈયા | પ્રવાસવર્ણન | રમણલાલ સોની | 29 |
| 7. | અલ્લક દલ્લક | ઊર્મિગીત | બાલમુકુન્દ દવે | 36 |
| • | પુનરાવર્તન 2 | | | 41 |
| | **(દ્વિતીય સત્ર)** | | | |
| 8. | ચરણોમાં | ઊર્મિગીત | યૉસેફ મૅકવાન | 44 |
| 9. | કદર | લોકકથા | દોલત ભટ્ટ | 47 |
| 10. | ભૂલની સજા | નાટક | પ્રકાશ લાલા | 55 |
| 11. | હિંડોળો | લોકગીત | - | 61 |
| • | પુનરાવર્તન 3 | | | 66 |
| 12. | અપંગનાં ઓજસ | પ્રસંગકથા | કુમારપાળ દેસાઈ | 69 |
| 13. | ભારત રત્ન : ડૉ. આંબેડકર | જીવનચરિત્ર | હાસ્યદા પંડ્યા | 76 |
| 14. | ઊડે રે ગુલાલ | ઊર્મિગીત | નટવર પટેલ | 82 |
| 15. | સુભાષિતો | - | - | 85 |
| • | પુનરાવર્તન 4 | | | 88 |
| | **પૂરક વાચન** | | | |
| 1. | અભિનંદન | કાવ્ય | ભાગ્યેશ જહા | 90 |
| 2. | કેટલાક પ્રસંગો | - | | 91 |
| 3. | ખીચડી પકાવું છું | - | | 93 |
| 4. | મૂલ્યવાન ભેટ | | જ્યોતિબહેન ગાંધી | 96 |
| 5. | અમે બાંધવો સરદારના | | ઉષા ઉપાધ્યાય | 100 |

# 1. ચબૂતરો



## સ્વાધ્યાય

**1. આપેલ ચિત્રના આધારે નીચેના પ્રશ્નોના ઉત્તર લખો :**

(1) ચબૂતરો કોના માટે બાંધવામાં આવ્યો હશે?

(2) ચબૂતરામાં શું નાખવામાં આવે છે?

(3) ચબૂતરા પર છત શા માટે છે?


(4) પંખીને પાણી પીવા માટે શી વ્યવસ્થા છે?

(5) નિસરણીનો શો ઉપયોગ થતો હશે?

(6) ચિત્રમાં કયાં કયાં પ્રાણીઓ જોવા મળે છે?

**2. 'ચબૂતરા' વિશે પાંચ વાક્યો લખો.**

**3. નીચે આપેલું ચિત્ર જોઈ તેના વિશે લખો :**



### પ્રવૃત્તિ


- ચબૂતરાની મુલાકાત લો.
- શાળામાં ચાલતી અક્ષયપાત્ર, પંખીની પરબ પ્રવૃત્તિઓ વિશે જાણો.

❖

# 2. પર્વત તારા

સુરેશ દલાલ

આ સુંદર પ્રાર્થના છે. પ્રાર્થનામાં આવતાં પર્વત, નદી, સરોવર, દરિયો, વૃક્ષો, સૂર્ય, ચંદ્ર, તારા, પાણી, પક્ષી, જીવજંતુઓ વગેરે કુદરતના અંશો છે. અહીં, કવિ સઘળા કુદરતના અંશોમાં ઈશ્વરને જુએ છે.



પર્વત તારા પ્હોળા ખંભા, સરવર તારી આંખ,
હે ઈશ્વર! હું તને જોઉં છું, ક્યાંક ક્યાંક ને ક્યાંક.
દરિયો તારું દિલ વિશાળું : વૃક્ષો તારી વાત,
મેઘધનુષ્યના રંગોમાં તું રમી રહ્યો રળિયાત.
તું તરણાંનો તારણહારો, ઝરણાંનો તું નાદ,
ફૂલફૂલની રંગસુગંધે તારી છે સોગાદ.
સિંહવાઘ ને કોયલ, બુલબુલ, પતંગિયાં ને તમરાં,
સૂર્યચંદ્ર ને તારા આભે : અહીં આગિયા, ભમરા.

રાડ, ત્રાડ ને લાડની સાથે મોરપિચ્છનો સૂર,
સંતાકૂકડી રમતો રમતો રહે નજીક ને દૂર.
અજવાળાના કાંઠા વચ્ચે અંધારાની નદી વહે,
એમાં મારી હોડીને આ કોણ હંકારે ? તું જ કહે.

## શબ્દસમજૂતી

**ખંભા** ખભા **સરવર** કુદરતી રીતે બનેલું સરોવર, તળાવ **વિશાળું** વિશાળ, ઘણું મોટું **રળિયાત** (અહીં) સુંદર **તરણું** તણખલું **નાદ** સામાન્ય રીતે મધુર લાગતો મોટો અવાજ **સોગાદ** ભેટ **આગિયા** રાત્રિના અંધકારમાં ટમટમતું જીવડું **ત્રાડ** ગર્જના

## ભાષાસજ્જતા

### ઉચ્ચારણવિષયક સજ્જતા : ‘સ’ અને ‘શ’

આપણે ઘણી વાર **‘સ’**ને બદલે **‘શ’** અને **‘શ’**ને બદલે **‘સ’**નો ઉચ્ચાર કરતાં હોઈએ છીએ. ‘સ’ને બદલે ‘શ’ના ઉચ્ચારથી શબ્દનો અર્થ બદલાય છે તે સમજીએ.

- **‘સ’ અને ‘શ’વાળા શબ્દોના અર્થભેદ :**

| | | | |
|---|---|---|---|
| **સર** - સરોવર | **શર** - બાણ | **સૂર** - અવાજ | **શૂર** - શૌર્ય |
| **સાર** - કસ | **શાર** - છિદ્ર | **કેસ** - મુકદમો | **કેશ** - વાળ |
| **સત** - સત્ય | **શત** - સો | **પાસ** - ઉત્તીર્ણ | **પાશ** - ફાંસો |

- **કૌંસમાંથી યોગ્ય અક્ષર પસંદ કરી ખાલી જગ્યા પૂરો :**

| | |
|---|---|
| નુક ______ ન (સા, શા) | સમ ______ (શ્યા, સ્યા) |
| ______ વણ (શી, સી) | ______ કાર (શિ, સિ) |
| ______ રોવર (શ, સ) | ______ બાશી (શા, સા) |
| રિ ______ સ (શે, સે) | વિ ______ શ (ષે, શે) |

## સ્વાધ્યાય

**1. નીચેના દરેક પ્રશ્નનો ઉત્તર એક-એક વાક્યમાં લખો :**

(1) કવિ પ્રકૃતિમાં કોનાં દર્શન કરે છે ?

(2) કવિ કોને ભગવાનની આંખ ગણે છે ?

(3) ઈશ્વર સંતાકૂકડી ક્યાં રમી રહ્યો છે ?

(4) ઈશ્વર કયા સ્વરૂપે સોગાદ આપે છે ?

(5) હોડીને કોણ હંકારતું હશે?

**2. નીચેની પંક્તિ સમજાવો :**

રાડ, ત્રાડ ને લાડની સાથે મોરપિચ્છનો સૂર,
સંતાકૂકડી  રમતો રમતો રહે નજીક ને દૂર.

**3. નીચે આપેલી કાવ્યપંક્તિ પૂર્ણ કરો :**

તું તરણાંનો ..........................................................................

..........................................................................

.......................................................... આગિયા ભમરા.

**4. નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દો આપો :**

(1) આંખ : ______ | (2) ઈશ્વર : ______
(3) દરિયો : ______ | (4) વૃક્ષ : ______
(5) નાદ : ______ | (6) ફૂલ : ______

**5. નીચેના શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દો આપો :**

(1) પહોળું × ______ | (2) વિશાળ × ______
(3) નજીક × ______ | (4) અંધારું × ______

6. ઉદાહરણ પ્રમાણે કાવ્યમાંના પ્રાસની શબ્દજોડી બનાવો :

ઉદાહરણ : વાત - રળિયાત

7. 'સ' અને 'શ'થી બનતા ચાર-ચાર શબ્દો લખી, એનો અર્થભેદ દર્શાવો.

ઉદાહરણ : સાપ-સર્પ શાપ-બદદુઆ

8. 'ઓ ઈશ્વર ભજીએ તને, મોટું છે તુજ નામ' - આ પંક્તિને આધારે બીજી ત્રણ પંક્તિ બનાવો.

## પ્રવૃત્તિ

- દૈનિકપત્રો, મુખપત્રો અને સામયિકોમાંથી કુદરતી સૌંદર્યોનાં ચિત્રો એકઠાં કરી સંગ્રહપોથી બનાવો.

❖

# 3. મહેનતનો રોટલો

પન્નાલાલ પટેલ

આ બોધકથામાં શ્રમ, સ્વાશ્રય અને પ્રામાણિકતાનો મહિમા કરવામાં આવ્યો છે. મોચીભગત મફતનું સ્વીકારવાની સ્પષ્ટ ના પાડે છે, આમ મોચી ભગત દ્વારા આપણને શ્રમ, સ્વાશ્રય અને પ્રામાણિકતાનો બોધ મળે છે.



કાશી નગરીમાં એક મોચી રહેતો હતો. તે બહુ પ્રામાણિક હતો. સંતોષી પણ એટલો જ. એકવાર એક સાધુ આવી મોચીને પૂછવા લાગ્યા, "મોચીભગત ! મારા પગનાં પગરખાંનું શું પડે ?"

મોચીએ કહ્યું, "મારી પાસે સીવેલાં તૈયાર નથી, મહારાજ !"

સાધુ કહે, ''સીવી દો તો શું લો?''

મોચીએ કહ્યું, ''દોઢ રૂપિયો''.

સાધુને નવાઈ લાગી. બીજાઓએ બે રૂપિયા દેખાડ્યા હતા. પછી ઘટાડીને દોઢ રૂપિયા સુધી આવ્યા હતા, પણ આણે તો મૂળમાં જ દોઢ રૂપિયો કહ્યો. સાધુએ પૂછ્યું, ''દોઢ તો કહેવાનો પણ લેવાના કેટલા?''

મોચી સાધુ સામે જોઈ હસવા લાગ્યો. તેણે કહ્યું, ''જે કહેવાના એ લેવાના, મહારાજ! આપની ઇચ્છા હોય તો બનાવું.''

સાધુએ કહ્યું, ''અચ્છા બનાવો, ક્યારે આપશો?''

મોચી બોલ્યો, ''પરમ દિવસે આ વખતે.''

સાધુ કહે, ''જરૂર હોં ! મારે પરમ દિવસે સાંજે જવું છે, માટે ઢીલ ન થાય.''

મોચી કહે, ''જાઓ કે ન જાઓ. પરમ દિવસે તમને આ વખતે જરૂર મળી જશે.''

પણ સાધુને મોચીના વાયદામાં જરા પણ વિશ્વાસ ન હતો.

બીજા દિવસે વળી એણે મોચીને ત્યાં આંટો માર્યો. મોચીને પૂછ્યું, ''મોચીભગત, કેટલે આવ્યું આપણું કામ ?''

મોચીએ કહ્યું, ''બેફિકર રહો મહારાજ, વાયદો નહિ ચૂકું.''

છતાંય સાધુને શાંતિ ન વળી. ત્રીજા દિવસે સવારમાં વળી સાધુને વિચાર આવ્યો, ''લાવને, જરા મોચીને ત્યાં આંટો મારું.''

પણ આ વખતે તો મોચીએ સાધુની કિંમત કરી. તેણે કહ્યું, ''મહારાજ, તમને માણસ પારખતાં આવડતું નથી. આખી દુનિયા જૂઠું બોલે છે એમ જ તમે માનો છો. નાહક શું કામ ધક્કા ખાઓ છો ? સાંજે આવજો, જાઓ.''

સાંજે સમય પ્રમાણે સાધુ આવ્યા ત્યારે પગરખાં બિલકુલ તૈયાર હતાં. આ જોઈ સાધુ મોચી ઉપર બહુ ખુશ થયા. તે સમજી ગયા, મોચી સાચુકલો છે, ખરેખરો ભગત છે, કદી જૂઠું બોલતો નથી.

સાધુએ તેને બે રૂપિયા આપ્યા. મોચી પાસે છૂટા પૈસા ન હતા. તે પૈસા લઈને ઊભો થયો,

તેણે સાધુને કહ્યું, ''જરાક ઊભા રહો મહારાજ, હું સામેની દુકાનેથી પરચૂરણ લઈ આવું.''

સાધુએ કહ્યું, ''રહેવા દો ભગત, એટલા પૈસાની આપણા તરફથી તમાકુ પીજો.''

મોચીએ કહ્યું, ''હું તમાકુ પીતો નથી, મહારાજ.''

''તો આપણા તરફથી પગરખાં સીવવા માટેની દોરી લાવજો.''

''ના મહારાજ, હરામનો પૈસો મને ન ખપે.'' મોચી સામેની દુકાને પરચૂરણ લેવા ગયો. સાધુ તો મોચીની ભાવના જોઈ એના ઉપર ખૂબ જ ખુશ થયા. તેમણે હળવેક રહીને ઝોળીમાંથી પારસમણિ કાઢ્યો. કોઈ જુએ નહિ એ રીતે મોચીનાં ઓજારોને પારસમણિ ઘસી દીધો. બધાં ઓજારો સોનાનાં થઈ ગયાં ! પછી તે મોચી પાસે ગયો. તેની પાસેથી પૈસા લેતી વખતે કહ્યું, ''ભગત, મૂઠી ચણાના પૈસા પણ ભિક્ષા માટે આપશો તો ઈશ્વર તમારું ભલું કરશે.''

મોચીએ ખીસામાંથી એક સિક્કો આપતાં કહ્યું, ''લો, એક મૂઠી ચણામાં શું થશે ?'' એ દુકાન તરફ ચાલતો થયો.

''એક મૂઠી ચણા તો મારી પાસે છે.'' એમ કહી સાધુએ પગ ઉપાડ્યો.

મોચીએ દુકાન ઉપર આવીને જોયું તો ઓજાર બધાં સોનાનાં ! તે સમજી ગયો કે આ કામ પેલા સાધુનું છે. મોચીનો જીવ બળી ઊઠ્યો. તે નિસાસો નાખી બબડ્યો, ''અરે ભગવાન ! હવે હું આ સોનાનાં ઓજારોથી કેવી રીતે કામ કરીશ?'' તેણે ઓજારો લઈને ઘરના ખૂણામાં નાખ્યાં. પછી ઊંચે મૂકેલાં ઘસાયેલાં ઓજારો ઉતારી વળી પાછો કામે વળ્યો. મનોમન એમ પણ કહેતો હતો કે, ''ગમે તેમ પણ સાધુની ઈચ્છા તો આપણને સુખી કરવાની જ હતી.''

બિચારાએ બાર મહિના મજૂરી કરી ત્યારે માંડ માંડ નવાં ઓજાર વસાવી શક્યો.

એકવાર તે ભજન ગણગણતો નીચી નજરે સીવતો હતો, ત્યાં એના કાને કોઈકનો અવાજ પડ્યો, ''કેમ છો, મોચીભગત ?''

મોચીએ જોયું તો એ પેલા જ સાધુ હતા. તેણે સાધુને કહ્યું, ''ઓજાર બગાડી ગયા હતા એ જ ને તમે, સાધુ મહારાજ !''

સાધુને નવાઈ લાગી. એમને તો હતું પોતાને ઓળખતાં જ મોચીભગત પગે પડશે, માનપાન

કરશે અને ઘણો બધો આભાર માનશે, પણ એને બદલે આ માણસ તો પોતાને ઠપકો આપતો હતો. સાધુને વહેમ પડ્યો. આ બિચારો સોનાને પિત્તળ ધારી બેઠો લાગે છે. તેમણે કહ્યું, ''મોચીભગત, ઓજાર બગાડ્યાં નથી, સોનાનાં બનાવ્યાં છે. ક્યાં છે એ? નાખી તો નથી દીધાં ને ?''

'મને ખબર છે મહારાજ, સોનાનાં છે પણ એ સોનું મેં મારાં બાવડાંના બળથી ઓછું મેળવ્યું છે ? આવું મફતનું સોનું શું કરવું છે ? એ પડ્યાં ખૂણામાં, તમે પાછાં જ લઈ જાઓ.'

સાધુએ મોચીને શિખામણ આપતાં કહ્યું, 'મોચીભગત, તમને કશી ગમ નથી. સોનું વેચીને પૈસા બનાવો ને મજા કરો. આ કાચી દુકાનને પાકી કરો. કામ કરનાર માણસો રાખો. બેઠાં બેઠાં ખાઓ ને લહેર ઉડાઓ.'

મોચીએ પૂછ્યું, ''ભગવાને આ હાથપગ આપ્યા છે, એને શું કરું મહારાજ ?''

નવાઈ ભરી આંખે સાધુ તો મોચીભગત સામે તાકી જ રહ્યા.

મોચીએ કહ્યું : ''સાધુ મહારાજ, ભગવાને હાથપગ કંઈ બેઠાં બેઠાં ખાવા માટે નહિ, કામ કરવા આપ્યા છે.''

આ સાંભળી સાધુ બોલ્યા, ''મોચીભગત, સાચી વાત છે ! ભગવાને કામ કરવા જ હાથપગ આપ્યા છે. હવેથી હું પણ હાથે કમાઈને જ ખાઈશ ને તમારા જેવો જીવનનો સાચો આનંદ મેળવીશ.''

સાધુ કોઈ ઊંડા વિચારમાં પડી ગયા હતા. પોતાના કામે વળતાં મોચીએ સાધુએ પૂછ્યું, ''કેમ મૂંગા થઈ ગયા ?''

સાધુએ કહ્યું, ''હું મૂંગો નથી થઈ ગયો, વિચારમાં પડી ગયો છું.''

''શા વિચારમાં પડી ગયા છો, મહારાજ ! મેં તમને કહ્યું એ ખોટું છે ?''

''તમારી વાત નથી, મારી વાત છે''-સાધુએ મોચી સામે ગંભીર ભાવે જોઈને કહ્યું, ''હું પણ નાનુંમોટું તપ તો કરું જ છું. જેમ મારી પાસે સોનું બનાવવાનું સાધન છે, છતાં મેં એનો ઉપયોગ મારી જાત માટે કદીએ પણ કર્યો નથી. ભિક્ષા માંગીને પેટનો ખાડો પૂરું છું, પણ આજે તારી આ ભિક્ષાનો જે ગર્વ મારામાં હતો તે પણ ગાળી નાખ્યો છે. આજથી તમે મારા ગુરુ ! ને આજથી

હું તમારો આ દાખલો યાદ કરીશ ને મારા ગર્વને ધોતો રહીશ.'' મોચી કામ કરવું ભૂલી ગયો અને સાધુની પીઠ પાછળ જોતો જ રહ્યો. કામે વળતાં બબડ્યો, 'આપ ખરા સાધુ !'

## શબ્દસમજૂતી

**પગરખાં** પગનું રક્ષણ કરનાર, ચંપલ, જોડા **હરામનો** મહેનત વગરનો **પારસમણિ** લોકમાન્યતા મુજબ સ્પર્શ માત્રથી લોઢાને સોનામાં બદલી નાખનાર મણિ **ગમ** સમજ **ગર્વ** અભિમાન, અહંકાર, મદ, બડાઈ

## રૂઢિપ્રયોગો

**પગ ઉપાડવો** ઝડપથી ચાલવું. **બાવડાના બળથી** જાત મહેનતથી **જીવ બળવો** દુ:ખી થવું **બેઠાં બેઠાં ખાવું** શ્રમ કર્યા વિના, નિરાંતે ઉપભોગ કરવો **નિસાસો નાખવો** આહ નાખવી. **પેટનો ખાડો પૂરવો** જીવનનિર્વાહ કરવો **ખૂણામાં નાખવું** બેદરકારીથી બાજુમાં મૂકવું

## ભાષાસજ્જતા

- **વિરામચિહ્નો :**

ભાષાલેખનમાં વિરામચિહ્નોનું ઘણું મહત્ત્વ છે. ખાસ કરીને અર્થ કે ભાવ અનુસાર ભાષાને સચોટ બનાવવા વિરામચિહ્નો આવશ્યક છે. કેટલાંક ઉપયોગી વિરામચિહ્નોનો પરિચય કેળવીએ.

**વિરામચિહ્નો**
- **પૂર્ણવિરામ (.)**
- **પ્રશ્નચિહ્ન (?)**
- **અલ્પવિરામ (,)**
- **ઉદ્ગારચિહ્ન (!)**

### (1) પૂર્ણવિરામ : (.)

- કાશી નગરીમાં એક મોચી રહેતો હતો.

• લિ.(લિખિતંગ), ચિ.(ચિરંજીવ)

પૂર્ણવિરામનો ઉપયોગ વાક્ય પૂર્ણ થતું દર્શાવવા થાય છે. શબ્દોને ટૂંકમાં લખવાના થાય ત્યારે પણ પૂર્ણવિરામનો ઉપયોગ થાય છે.

### (2) અલ્પવિરામ : (,)

• બેફિકર રહો મહારાજ, વાયદો નહિ ચૂકું.

• પ્રાચી, નિર્મલ, કૃતિ, અને હિમાંશુ પુસ્તકાલયમાં ગયાં.

અલ્પવિરામનો ઉપયોગ સંબોધન કરવા, બેથી વધારે પદો કે શબ્દસમૂહો પછી તથા દીર્ઘ વાક્યોમાં વચ્ચે અટકવાની જરૂર પડે ત્યારે થાય છે.

### (3) પ્રશ્નચિહ્ન : (?)

• કેમ મૂંગા થઈ ગયા?

• આવું મફતનું સોનું શું કરવું છે?

વાક્યમાં પ્રશ્નનો ભાવ દર્શાવવા માટે વાક્યના અંતે પ્રશ્નચિહ્ન મૂકવામાં આવે છે. જેથી વાચક-ભાવક તે પ્રશ્નવાક્ય છે એમ સમજી શકશે. ‘ક્યાં’, ‘કેમ’, ‘કેવું’, ‘શા માટે’, ‘કઈ’, ‘કોણ’, ‘કોનું’ વગેરે શબ્દો પ્રશ્નનો ભાવ દર્શાવે છે.

### (4) ઉદ્ગારચિહ્ન : (!)

• શા વિચારમાં પડી ગયા છો, મહારાજ !

• જોયું તો ઓજાર બધાં સોનાનાં !

નવાઈ, આશ્ચર્ય, પીડા, ધિક્કાર, હર્ષ, પ્રશંસા કે દુ:ખની લાગણી બતાવવા વાક્યમાં ઉદ્ગારચિહ્ન વપરાય છે. ક્યારેક કટાક્ષ કરવામાં પણ ઉદ્ગારચિહ્ન વપરાય છે. જેમ કે,

• તું તો બહુ બહાદુર ! સસલી જોઈને ભાગ્યો !

## સ્વાધ્યાય

### 1. નીચેના દરેક પ્રશ્નનો ઉત્તર એક-એક વાક્યમાં લખો :

(1) મોચીભગત સ્વભાવે કેવા હતા ?

(2) મોચી પરચૂરણ લેવા જવાનું કહે છે ત્યારે સાધુ શું કહે છે ?

(3) મોચીભગત નવાં ઓજાર ક્યારે વસાવી શક્યા ?

(4) માણસના હાથ-પગ વિશે મોચીભગત શું માને છે ?

(5) છેલ્લે મોચીભગત સાધુ વિશે શું કહે છે ?

### 2. નીચેના પ્રશ્નોના ઉત્તર લખો :

(1) સાધુને ક્યારે નવાઈ લાગી ?

(2) મોચીની પ્રામાણિકતાનો બદલો સાધુએ શી રીતે વાળ્યો ?

(3) મોચીને ક્યારે દુઃખ થયું ?

(4) મોચીને કેટલા સમય પછી નવાં ઓજારો મળ્યાં ?

### 3. નીચેનાં વાક્યો કોણ બોલે છે તે લખો :

(1) ''મારી પાસે સીવેલાં તૈયાર નથી.'' ______________

(2) ''બેફિકર રહો મહારાજ, વાયદો નહિ ચૂકું.'' ______________

(3) ''હરામનો પૈસો મને ન ખપે.'' ______________

(4) ''આ કાચી દુકાનને પાકી કરો.'' ______________

### 4. નીચેનાં અધૂરાં વાક્યોની પૂર્તિ કરો :

(1) સાધુ કહે : ''જરૂર હોં ! મારે પરમ દિવસે ______________
______________________________ ન થાય.''

(2) ''મહારાજ, તમને માણસ પારખતાં આવડતું નથી. આખી દુનિયા
______________________________ છો.''

**5. નીચેનાં વાક્યોને વાર્તાના ક્રમમાં ગોઠવો :**

(1) ‘‘બેફિકર રહો મહારાજ, વાયદો નહિ ચૂકું.’’

(2) ‘‘સીવી દો તો શું લો ?’’

(3) ‘‘એક મૂઠી ચણા તો મારી પાસે છે.’’

(4) ‘‘મારી પાસે સીવેલાં તૈયાર નથી’’ મહારાજ !

**6. નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દો લખો :**

(1) પગ ________ (2) નવાઈ ________ (3) કિંમત ________

(4) દુનિયા ________ (5) ઓજાર ________ (6) આનંદ ________

**7. નીચેના શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દો આપો :**

(1) પ્રામાણિક × ________ (2) જૂઠું × ________ (3) વિશ્વાસ × ________

(4) ફિકર × ________ (5) વેચવું × ________ (6) ઉપયોગ × ________

**8. નીચેના કોષ્ટકમાંથી દર્શાવ્યા પ્રમાણે રૂઢિપ્રયોગ શોધો. જે-તે રૂઢિપ્રયોગના અર્થ સામે તે રૂઢિપ્રયોગ લખો :**

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| શ | નુ | પે | ટ | નો | ખા | ડો | પૂ | ર | વો | વ | અ |
| ગ | ત | બે | પ | સા | ધ | ન | સા | મ | ગ્રી | ર | ર |
| થ | રા | ઠાં | ગ | લ | ખૂ | ણા | માં | ના | ખ | વું | જ |
| વો | દ | બે | ઉ | જિ | ત | જિ | ત | ના | ક | ર | ક |
| ઉ | ના | ઠાં | પા | ન | ધા | જી | વ | બ | ળ | વો | ર |
| દા | પ | ખા | ડ | બા | વ | ડા | ના | બ | ળ | થી | વી |
| ર | થ | વું | વો | પ | ર | મ | ગ | તિ | કા | બે | લ |

| | |
|---|---|
| પગ ઉપાડવો | ઝડપથી ચાલવું |
| | દુઃખી થવું |
| | બેદરકારીથી બાજુમાં મૂકવું |
| | જાત મહેનતથી |
| | શ્રમ કર્યા વિના, નિરાંતે ઉપભોગ કરવો |

**9. વિચારો અને લખો :**

(1) મોચીની જગ્યાએ તમે હોત તો ?

(2) સાધુ મહારાજની જગ્યાએ તમે હોત તો ?

**10. સૂચના મુજબ કરો :**

(1) પાઠમાંથી જોડાક્ષરવાળા શબ્દો શોધીને લખો.

(2) શોધેલા શબ્દો પરથી વાક્યો બનાવો.

### પ્રવૃત્તિ


- શાળા-પુસ્તકાલય, દૈનિક સમાચારપત્રોમાંથી બોધવાર્તાઓ મેળવી વાંચો અને વર્ગમાં રજૂ કરો.

❖

# 4. સુંદર સુંદર

ધર્મેન્દ્ર માસ્તર 'મધુરમ'

આ પ્રકૃતિગીતમાં કવિએ સૂરજ, ચાંદો, નદી, સરોવર, વન, ઉપવન વગેરેને સુંદર કહ્યાં છે. તેમાં વસતાં માછલી, પંખી, માનવ વગેરે પણ કવિને સુંદર લાગે છે. પ્રભુએ બનાવેલી દરેક વસ્તુ જો સુંદર હોય તો પ્રભુ પોતે કેવા સુંદર હશે? - એવો પ્રશ્ન કવિના મનમાં થાય છે.



સુંદર સુંદર...
સૂરજ સુંદર, ચાંદો સુંદર,
સુંદર સરિતા ને સરોવર....
        વિભુ હશે તો કેવા સુંદર, એવું થાતું મુજ મનમાં ०
ઉષા સુંદર, નિશા સુંદર,
સુંદર વન, ઉપવન, ગિરિવર....
        વિભુ હશે તો કેવા સુંદર, એવું થાતું મુજ મનમાં ०
માછલી સુંદર, પંખી સુંદર,
સુંદર ધરતી, શાંત સમીર....

વિભુ હશે તો કેવા સુંદર, એવું થાતું મુજ મનમાં ૦

કવિતા સુંદર, જીવન સુંદર,
સુંદર તારા, આભ વિશાળ....

વિભુ હશે તો કેવા સુંદર, એવું થાતું મુજ મનમાં ૦

ભાષા સુંદર, આશા સુંદર,
સુંદર હૈયું ને માનવ....

વિભુ હશે તો કેવા સુંદર, એવું થાતું મુજ મનમાં ૦

## શબ્દસમજૂતી

**સરિતા** નદી **વિભુ** ભગવાન **ઉષા** સવારે સૂર્ય ઊગતાં પહેલાં પૂર્વ આકાશમાં દેખાતા આછા રંગો, પરોઢ, સવાર **નિશા** રાત **ઉપવન** બગીચો **ગિરિવર** પર્વત **સમીર** પવન **હૈયું** દિલ

## ભાષાસજ્જતા

- **પુનરુક્તિ :**

કાવ્યમાં ભાવ કે અર્થનું મહત્ત્વ દર્શાવવા શબ્દ કે વાક્યખંડનું પુનરાવર્તન કરવામાં આવે તેને પુનરુક્તિ કહે છે.

- નહીં નાથ નહીં નાથ ન જાણો કે સવાર છે.
- ધીમે ધીમે ધીમે હરજી મારે ઘેર આવ્યા રે.
- સુંદર સુંદર ... સૂરજ સુંદર, ચાંદો સુંદર,

## સ્વાધ્યાય

**1. નીચેના દરેક પ્રશ્નનો ઉત્તર એક-એક વાક્યમાં લખો :**

(1) આકાશમાં શું-શું સુંદર દેખાય છે ?

(2) કવિના મનમાં બધું જ સુંદર જોઈને શો વિચાર આવે છે ?

(3) 'પરોઢ અને રાત સુંદર છે.' કાવ્યની કઈ પંક્તિમાં આ ભાવ વ્યક્ત થયો છે ?

(4) ધરતી પર શું-શું સુંદર દેખાય છે ?

**2. ઉદાહરણ પ્રમાણેનાં શબ્દ-જોડકાં કાવ્યમાંથી શોધીને લખો :**

**ઉદાહરણ :** સૂરજ-ચાંદો

- ______________ 
- ______________ 
- ______________ 
- ______________ 

**3. નીચેના દરેક શબ્દ માટે કાવ્યમાં કયો શબ્દ પ્રયોજાયો છે તે લખો :**

| | |
|---|---|
| સૂર્ય : ______________ | જંગલ : ______________ |
| પવન : ______________ | આકાશ : ______________ |
| પ્રભુ : ______________ | કાવ્ય : ______________ |

**4. નીચેનો ભાવ દર્શાવતી પંક્તિઓ કાવ્યમાંથી શોધીને લખો :**

પરોઢ, જંગલ, બગીચો અને પર્વત સુંદર લાગે છે, તો તેના બનાવનાર પ્રભુ કેવા સુંદર હશે ! એવું મારા મનમાં થાય છે.

______________________________________________

______________________________________________

______________________________________________

**5. નીચેના શબ્દો ઉચ્ચારણની ચોકસાઈ સાથે મોટેથી બોલો અને લખો :**

સૂરજ, સરિતા, સરોવર, નિશા, સમીર, શાંત, આશા, વિશાળ, ચંદ્ર, માછલી

______ ______ ______ ______ ______

______ ______ ______ ______ ______

**6. કાવ્યપંક્તિ પૂર્ણ કરો :**

ઉષા સુંદર, ..............................

..............................

..............................

.............................. શાંત સમીર.

**7. નીચે આપેલા શબ્દોને શબ્દકોશના ક્રમમાં લખો :**

નિશા, પંખી, ઉપવન, ગિરિવર, માછલી, ધરતી

(1) ______ (2) ______ (3) ______

(4) ______ (5) ______ (6) ______

## પ્રવૃત્તિ

- પુસ્તકાલયમાંથી પ્રકૃતિગીતો મેળવી સંગ્રહપોથી બનાવો.

❖

# પુનરાવર્તન 1

**1. નીચેના દરેક પ્રશ્નનો ઉત્તર એક-એક વાક્યમાં લખો :**

(1) ઈશ્વર ક્યાં રમી રહ્યો છે ?

(2) ઈશ્વર કયા સ્વરૂપે સોગાદ આપે છે ?

(3) મોચીભગત સ્વભાવે કેવા હતા ?

(4) મોચીભગત નવાં ઓજાર ક્યારે વસાવી શક્યા ?

(5) ધરતી પર શું-શું સુંદર દેખાય છે ?

**2. નીચેના વાક્યોમાં આપેલા વિકલ્પોમાંથી, સાચા વિકલ્પ સામે (√) કરો :**

(1) ફૂલ ફૂલની રંગસુગંધે તારી છે સોગાદ / સોગાધ.

(2) રાડ, ત્રાડ ને લાડની સાથે મોરપિચ્છનો સુર / સૂર.

(3) લાવ ને, જરા મોચીને ત્યાં આટો / આંટો મારું.

(4) 'આપ ખરા સાઘુ / સાધુ !'

(5) કવિતા સુંદર, જીવન / જિવન સુંદર.

**3. શબ્દ-રમત : સૂચના મુજબ કરો :**

શબ્દના છેલ્લા અક્ષર પરથી નીચે આપેલાં ખાનામાં બીજા શબ્દો લખો :

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| લીમડો | | ડોલ | | લખોટી | → | ............. |
| | | | | | | ↓ |
| | ← | | ← | | ← | |
| ↓ | | | | | | |
| | → | | → | | → | |

## 4. નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દો આપો :

(1) સરોવર : ______ (2) ગર્વ : ______

(3) ઉષા : ______ (4) રળિયાત : ______

(5) સમીર : ______ (6) નિશા : ______

## 5. નીચેના શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દો આપો :

(1) ધરતી × ______ (2) ઉષા × ______

(3) ટૂંકું × ______ (4) પૂર્ણ × ______

## 6. નીચેના રૂઢિપ્રયોગોના અર્થ આપી વાક્યપ્રયોગ કરો :

(1) જીવ બળવો ______

(2) બેઠાં બેઠાં ખાવું ______

(3) બાવડાના બળથી ______

(4) પેટનો ખાડો પૂરવો ______

## 7. પંક્તિઓને યોગ્ય ક્રમમાં ગોઠવીને લખો :

વિભુ હશે તો કેવા સુંદર,
સુંદર વન, ઉપવન ગિરિવર.
ઉષા સુંદર, નિશા સુંદર,
એવું થાતું મુજ મનમાંo

## 8. ઉખાણાં બનાવો અથવા મેળવીને લખો :

ઉદાહરણ, રાતાં રાતાં રતનજી ઉપર લીલાં પાન,
મૂળાના તે સગાભાઈ અથાણામાં માન.

| ગાજર |
| --- |
| |
| |
| |

(1) ______________________
______________________

(2) ______________________
______________________

(3) ______________________
______________________

## 9. તમારા ઘરમાં / શાળામાં જોવા મળતાં સામયિકો, વર્તમાનપત્રો, પુસ્તકો વગેરેની યાદી બનાવો.

______________________
______________________

## 10. નીચેના ફકરામાં યોગ્ય વિરામચિહ્નો મૂકી, ફકરો ફરી લખો :

મોચી સાધુ સામે જોઈ હસવા લાગ્યો તેણે કહ્યું જે કહેવાના એ લેવાના મહારાજ આપની ઈચ્છા હોય તો બનાવું

સાધુએ કહ્યું અચ્છા બનાવો ક્યારે આપશો

### પ્રવૃત્તિ

- વ્યસનમુક્તિને લગતાં ચિત્રો કે સૂત્રો બનાવો.


❖

# 5. શરદીના પ્રતાપે

**જ્યોતીન્દ્ર દવે**

આ હાસ્યવાર્તામાં એકને બોલવામાં અને બીજાને સાંભળવામાં તકલીફ હોય તેવી બે વ્યક્તિઓ ભેગી થઈ જાય તો તેમની વચ્ચેની વાતચીત 'કાકા કહેતાં કથરોટ' જેવી થાય છે. અહીં શરદીના કારણે આવી તકલીફવાળા બે સજ્જનો વચ્ચેનો સંવાદ આપ્યો છે, જે હાસ્યપ્રેરક છે.

મારે એક વખત એક જાણીતા સજ્જનને અમુક કામને અંગે મળવા જવાનું હતું. એ સદ્‌ગૃહસ્થની બીજી બધી ઇન્દ્રિયો કરતાં કાન કંઈ ઓછું કાર્ય કરે છે એ વાતની મને ખબર નહોતી. તે દિવસે હવામાં શરદી હતી. ગળે પડવાની ટેવ બીજાં બધાં કરતાં શરદીને વધારે હોય છે. એ જાણીતું છે; અને તેમાંય મારા કંઠ માટે શરદીને અસલથી પક્ષપાત છે. એટલે તે દિવસે ગળામાં શરદી ને મગજમાં ગરમી - કંઠ બેઠેલો ને મગજ તપેલું - એવી કાંઈક મારી સ્થિતિ હતી. હું એ સદ્‌ગૃહસ્થને મળ્યો ત્યારે મારો અવાજ ઠેઠ ઊંડો ઊતરી ગયેલો હતો અને શરદીને લીધે એમના કાન વધારે અશક્ત બન્યા હતા. અમારી વચ્ચે શો સંવાદ થયો તે પૂરેપૂરો યાદ નથી, પણ કંઈક નીચે પ્રમાણે હતો :



મને આવકાર આપતાં આપતાં એ સદ્‌ગૃહસ્થ બોલ્યા, ''ઓહો ! આજ કંઈ આ તરફ ? કેમ તબિયત તો સારી છે ને ?''

''આપનું જરા કામ હતું. તબિયત મજામાં છે. જરા શરદી થઈ છે. બાકી બીજી રીતે કુશળ છું.''

“મને શરદી થઈ છે એમ તમને કોણે કહ્યું ? એ તો જરા નહિ જેવાં સળેખમ અને ઉધરસ થયાં છે. મને જોવા આવવાની - અહીં સુધી આવવાની - તસ્દી લેવા જેવું કંઈ નથી.”

મને લાગ્યું કે એમના સમજવામાં કંઈ ભૂલ થઈ છે. પણ તે સુધારવાનો પ્રયત્ન ન કરતાં મેં કહ્યું, “હવે કેમ છો ? દવાબવા તો કરો છો ને ?”

“હા, અહીંની હવા જરા એવી છે ખરી, પણ હવાફેર માટે જવાનું હજી નક્કી કર્યું નથી, એ તો ઠીક, પણ ચા-બહા લેશો ને ?”

“ચાની બનતાં સુધી હું ના નથી કહેતો ને શરદીમાં તો બહુ જ ઠીક પડશે.”

“બનતાં સુધી તમે ચા નથી પીતા તે ઘણું સારું. પણ ચા શરદી કરે એમ તમને કોણે કહ્યું ? વારુ, કૉફી લેશો ?”

“કૉફીનો પણ અત્યારે વાંધો નથી.”

“કૉફીનો ડૉક્ટર વાંધો લે છે ? ઠીક ત્યારે કોકો ?”

મોઢેથી બોલીશ તો ચહા અને કૉફીની પેઠે કોકોયે ગુમાવીશ એમ લાગવાથી મેં ડોકા વડે હા કહી. ને આખરે અમારે માટે કોકો મુકાયો.

“આ ઘર તમને ફાવે છે કે નહિ ?” મેં પૂછ્યું, તેઓ બોલી ઊઠ્યા, “વર?” સુલોચના (એમની પુત્રી) માટે વર હજી શોધ્યો નથી. હજી નાની છે. શી ઉતાવળ છે ?”

આ પ્રમાણે ‘દવા’ને બદલે ‘હવા’ અને ‘ઘર’ને બદલે ‘વર’ સાંભળનાર સાથે જે વાત કરવા આવ્યો હતો તે વાણી દ્વારા કરવી અશક્ય છે, એમ મને લાગ્યું. તેથી પત્ર લખી એ વાત એમને જણાવવી એવો નિશ્ચય કર્યો. થોડી ઘણી આડી-અવળી વાત, અલબત્ત, ઉપર પ્રમાણે જ, કરીને મેં આખરે કહ્યું, “હવે રજા લઉં છું.”

“અરે ! મારા મહેરબાન ! આમ શું બોલો છો ? તમે આવ્યા તેમાં મને સજા થઈ ! ઊલટો આનંદ થયો. આપણી વાત સાંભળનારા અને સાંભળે તોયે સમજનારા બહુ ઓછા.” ડોકું હલાવી અને મૂંગા મોંએ એમની રજા લઈ હું ચાલતો થયો. **(‘રેતીની રોટલી’ માંથી)**

## શબ્દસમજૂતી

**કંઠ** ગળું **અસલથી** પહેલાંથી **પક્ષપાત** તરફદારી **અશક્ત** નબળા **તસ્દી** તકલીફ, મહેનત **કોકો** નાળિયેરીના જેવા એક ઝાડના બીજની ભૂકી, જેનું પીણું બનાવાય છે **અલબત્ત** જોકે **મહેરબાન** હિત તેમજ ભલું ઇચ્છનાર અને કરનાર

## ભાષાસજ્જતા

- ગાંધીજીએ સત્યાગ્રહ કર્યો.
- મોર આપણું રાષ્ટ્રીય પક્ષી છે.
- હિમાલય સૌથી ઊંચો પર્વત છે.
- સત્યનો હંમેશાં વિજય થાય છે.
- લીમડાનું દાતણ ઉત્તમ હોય છે.

ઉપરનાં વાક્યોમાં **ગાંધીજી, હિમાલય, લીમડો, દાતણ, મોર, પક્ષી, સત્ય** વગેરે શબ્દો કોઈ ચોક્કસ વ્યક્તિ, સ્થળ કે પદાર્થની ઓળખ સૂચવે છે. ઓળખ સૂચવતા આવા શબ્દો **'સંજ્ઞા'** તરીકે ઓળખાય છે.

## સ્વાધ્યાય

**1. નીચેના દરેક પ્રશ્નનો ઉત્તર એક-એક વાકયમાં લખો :**

(1) ગળે પડવાની ટેવ કઈ બીમારીમાં વધારે હોય છે ?

(2) લેખકને સદ્‌ગૃહસ્થ આવકાર આપતાં કયું વાક્ય બોલે છે ?

(3) લેખકે કોકોની વાત વખતે ડોકું શા માટે હલાવ્યું ?

**2. નીચેના પ્રશ્નોના ઉત્તર લખો :**

(1) લેખકને પેલા સજ્જન વિશેની કઈ વાતની ખબર ન હતી ?

(2) લેખક સજ્જનને મળ્યા તે વખતની બંનેની સ્થિતિ કેવી હતી ?

(3) સજ્જને સમજવામાં કંઈક ભૂલ કરી છે તેવું લેખકને ક્યારે લાગ્યું ?

(4) લેખકે ચા પીવાની હા પાડી છતાં ચા કેમ ન મળી ?

## 3. નીચેના શબ્દોની જોડણી સુધારો :

ગ્રુહસ્થ, સ્થીતિ, તબિઅત, સૂલોચના, નિચ્છય

(1) ______ (2) ______ (3) ______ (4) ______ (5) ______

## 4. નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દો આપો :

(1) ખબર ______ (2) પક્ષપાત ______ (3) તસ્દી ______

(4) આનંદ ______ (5) આખરે ______ (6) ઉતાવળ ______

## 5. નીચે આપેલા શબ્દોમાં યોગ્ય જગ્યાએ 'કુ' અથવા 'અ' મૂકો જેથી વિરોધી અર્થવાળો શબ્દ બને :

(1) શક્તિ × ______

(2) વિચાર × ______

(3) સત્ય × ______

(4) પાત્ર × ______

(5) ટેવ × ______

(6) શક્ય × ______

(7) સંપ × ______

(8) સંગ × ______

## 6. જેમાં પ્રશ્નચિહ્ન અને ઉદ્ગારચિહ્ન આવતાં હોય તેવાં બે-બે વાક્યો લખો :

(1) ______

(2) ______

(3) ______

(4) ______

## 7. કૌંસમાં આપેલા શબ્દોમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યાઓ પૂરો :

(1) તે દિવસે ______ માં શરદી હતી. (દવા, હવા)

(2) તમે ચા નથી ______ તે ઘણું સારું. (પિતા, પીતા)

(3) આ ______ તમને ફાવે છે કે નહિ ? (ઘર, ધર)

(4) કેમ તબિયત તો ______ છે ને ? (શારી, સારી)

**8. કૌંસમાંના પ્રત્યયોમાંથી યોગ્ય પ્રત્યય પસંદ કરી ખાલી જગ્યા પૂરી વાક્ય પૂરું કરો :**

(નો, ની, નું, ના, નાં, ને)

(1) એ વાત ______ મને ખબર ન હોતી.

(2) મારા કંઠ માટે શરદી ______ પક્ષપાત છે.

(3) આપ ______ જરા કામ હતું.

(4) કૉફી ______ પણ અત્યારે વાંધો નથી.

(5) તે ______ માટે મેં શું નથી કર્યું ?

(6) તેમ ______ ઘર પછી ગયાં છે.

**9. નીચે આપેલા શબ્દોને શબ્દકોશના ક્રમમાં ગોઠવો :**

ટેવ, ઇન્દ્રિય, શરદી, ઉધરસ, ભૂલ

(1) ______ (2) ______ (3) ______ (4) ______ (5) ______

### પ્રવૃત્તિ

- છાપામાં આવતા હાસ્યલેખો વાંચી અંક બનાવી વર્ગમાં રજૂ કરો.
- આ પાઠનું નાટ્ય-રૂપાંતર કરી વર્ગ સમક્ષ રજૂ કરો.
- જ્યોતીન્દ્ર દવેનું 'રેતીની રોટલી' પુસ્તક મેળવીને વાંચો.

❖

# 6. નર્મદામૈયા

રમણ સોની

આ પ્રવાસવર્ણનમાં લેખકે લોકમાતા નર્મદાનો સરળ ભાષામાં સરસ પરિચય કરાવ્યો છે. નર્મદામૈયા ખરા અર્થમાં ગુજરાતની લોકમાતા છે, જીવાદોરી છે. આ વાત લેખકે આપણે પોતે પ્રવાસ માણતા હોઈએ તેવી રસાળ શૈલીમાં કરી છે.



ચાલો, ત્યારે આજે એક નવી જ જાતનો પ્રવાસ કરીએ. મુસાફરી કેટલી લાંબી છે - ખબર છે ? 1312 કિલોમીટર જેટલી ! તમને થશે - અરે ! કેટલી લાંબી ? ક્યારે પૂરી થાય, ને કેવા થાકી જવાય ! પણ આપણે પંખીની પાંખે ને પાણીના પ્રવાહે પ્રવાસ કરીશું - નહિ થાક લાગે, નહિ ખોટો સમય જાય ને મજા એટલી જ આવશે.

મનને તૈયાર રાખજો. આપણે છેક દૂર પહોંચી જઈએ છીએ. ગુજરાતની પૂર્વ બાજુએ શરૂ થાય છે મધ્યપ્રદેશ. આપણે જઈશું મધ્યપ્રદેશમાં પણ છેક પૂર્વ તરફ. ત્યાં મૈકલ નામનો પર્વત છે. એની તળેટીમાં

એક વિશાળ સરોવર છે અમરકંટક. ત્યાંથી નીકળે છે આપણી નર્મદામૈયા. આકાશમાં ઊંચે ને ઊંચે જઈએ તો ભારતદેશના બે આડા ભાગ પાડતી એક ચળકતી ને સરકતી રેખા દેખાય એ જ નર્મદા. ઉપરનો ભાગ ઉત્તર ભારત ને નીચેનો ભાગ દક્ષિણ ભારત. વળી, કંઈ કેટલાય કિલોમીટર સુધી તો નર્મદાની બંને બાજુ બે ઊંચા પર્વતો છે : ઉત્તરમાં વિંધ્ય ને દક્ષિણમાં સાતપુડા; ને વચ્ચે વહે છે ધસમસતી ઊછળતી-કૂદતી નર્મદા.

તમને ખબર છે 'નર્મદા'નો અર્થ ? જે આપણને આનંદ એટલે કે નર્મ આપે તે નર્મદા. એના કિનારા પરની કુદરતી શોભા આપણને આનંદિત કરી મૂકે એવી છે. ઠેર ઠેર સુંદર વૃક્ષો ને સાથે સાથે ચાલ્યા આવતા ઊંચા-નીચા પહાડો, ક્યાંક લીલોતરીવાળાં સુંદર ખુલ્લાં મેદાનો. નર્મદા ક્યાંક એકદમ શાંત; ક્યાંક દોડતી-કૂદતી એટલે એને 'રેવા' પણ કહે છે; રેવા એટલે કૂદનારી. ક્યાંક એ ધોધ બની જાય છે ને ક્યાંક પહોળા પટે ધીરગંભીર વહે છે. આવી સરસ નદી ! આપણા ઋષિમુનિઓ તો એના સુંદર કિનારે યાત્રા કરી એનાં વખાણ કરતાં થાકતા જ નથી. તમે તમારાં દાદા-દાદીને આ સ્તોત્ર ગાતાં પણ સાંભળ્યા હશે : 'ત્વદીય પાદપંકજં નમામિ દેવી નર્મદે !'

લો, આમ વાત કરતાં કરતાં આપણે જબલપુર પાસે ભેડાઘાટ આવી પહોંચ્યા. સુંદર જગા છે. આરસપહાણના ઘેરા પીળા ખડકો વચ્ચે શાંત વહેતો પ્રવાહ. ચાંદની રાતે નૌકાવિહારની એવી તો મજા આવે ! ને આ જુઓ : પર્વતો કેટલા નજીક આવી ગયા છે ! જાણે વાતે વળગ્યા ! આ જગ્યાને બંદરકૂદ કહે છે. આ પર્વત પરથી સામેના પર્વત પર ને ત્યાંથી વળી પાછા આ પર્વત પર વાંદરા કૂદાકૂદ કર્યા કરે. વચ્ચે નદીમાતા જોયા કરે એ વાંદરાકૂદ. કહે છે કે જૂના જમાનામાં શૂરવીર સૈનિકો પોતાના ઘોડા પણ અહીંથી કુદાવી જતા. ને ત્યાં જુઓ : 108 પગથિયાંવાળું ચોસઠ જોગણીઓનું ગૌરીશંકર મંદિર. આ નર્મદામૈયાને કિનારે મંદિરો કેટલાં બધાં ને ઠેર ઠેર !

હવે થોડા આગળ જઈશું ને ? નદીની સાથે સાથે પૂર્વથી પશ્ચિમ તરફ મુશળધારથી પણ વધારે વરસાદ પડે તેને શું કહીએ ? ધુંવાધાર વરસાદ. ધુંવા એટલે ધુમાડો ને ધાર એટલે પાણીની ધારા; આ ધુંવાધાર નામની જગાએ નર્મદા ધોધની જેમ પડે છે. ઊંચા પર્વત પરથી નીચે મોટી શિલાઓ પર પડે. આથી ફીણ ભરેલાં સફેદ પાણી ઊછળે, ને એનીય આસપાસ એટલાં બધાં ઝીણાં ઝીણાં બિન્દુઓ ઊડે કે જાણે ધુમાડો જ જોઈ લો ! કેટલું સુંદર દૃશ્ય ! તડકો હોય તો મેઘધનુષ્ય પણ દેખાય; ને પાણી પડવાનો અવાજ તો સિંહની ગર્જના જેવો. આજુબાજુ ખુલ્લો પ્રદેશ. આગળ જતાં પ્રવાહ



સહેજ ધીમો પડે. આ પથ્થર શંખજીરુના સફેદ સુંવાળા પથ્થર છે. થાય કે થોડા વીણી લઈએ ! હવે થોડીક ઝડપ કરીશું ને ? ઈટારસી - હોશંગાબાદ આગળ નર્મદાને કિનારે ત્રાંસા અણીદાર પથ્થરો છે. ધ્યાન રાખીને પગ મૂકવો પડે. પણ આપણે તો પંખીની આંખે ઊંચે પંખીની પાંખે ઝડપથી આગળ ચાલીએ.

વાહ ! હવે ગુજરાતમાં પ્રવેશી ગયા. ઘણે સુધી તો નર્મદા મધ્યપ્રદેશ ને ગુજરાતની સરહદે સરહદે ચાલે છે ને પછી ગુજરાતમાં પ્રવેશે છે. કેવડિયા નજીક ગોરા ગામે શૂલપાણેશ્વર મહાદેવના મંદિરને પ્રણામ કરી આગળ ચાલીએ. પેલું દેખાય ભરૂચ જિલ્લાનું નવાગામ અને આ જુઓ, નીચે દેખાય છે વિશ્વની આઠમી અજાયબી જેવો સરદાર સરોવર બંધ ! આ જળરાશિથી ગુજરાત અને રાજસ્થાનના કરોડો લોકોની તરસ છીપશે અને જમીનને સિંચાઈનો પણ લાભ મળશે. વિશ્વની સૌથી મોટી કૉંક્રિટ અસ્તરવાળી નર્મદાની મુખ્ય નહેર નર્મદાનાં જળને ઠેઠ રાજસ્થાન સુધી પહોંચાડશે. આમ, આ નર્મદા નદીના ખંભાતના અખાતમાં વ્યર્થ વહી જતાં પાણીનો કાર્યક્ષમ ઉપયોગ કરવા મનુષ્યે કેવો ભગીરથ પ્રયાસ કર્યો છે ! નમામિ દેવિ નર્મદે !

જુઓ તો, નર્મદાએ અહીં બેટ બનાવી દીધો છે. બે બાજુ નર્મદા વચ્ચે કબીરવડ. અહીં નર્મદામૈયા શાંત છે. વર્ષોથી વડવાઈઓ ફેલાવી ફેલાવીને વડ અહીં વડદાદા બની ગયા છે. જાણે વડનું નાનું સરખું વન જોઈ લો! કવિ નર્મદે તો વળી ગાયેલું : 'ભૂરો ભાસ્યો ઝાંખો દૂરથી ધુમ્મસે

પહાડ સરખો !' ધુમ્મસમાં ભૂરો ને ઝાંખો પહાડ જેવો દેખાય છે. થાય છે કે અહીં રમવા રોકાઈ જઈએ. પણ વડદાદા આગળ શાંત ને આજ્ઞાંકિત નર્મદામૈયા આપણને લાડથી જાણે કહે છે : ''બહુ સમય થઈ ગયો છે, સ્નાન કરીને આગળ વધો. પણ જોજો હોં, જળ એ જીવન છે. આપણે જળને સાચવીશું તો જળ આપણને સાચવશે. ખરું ને ?''

તો આપણે ચાલીએ. બેટને સામે છેડે; ઉપર, શુક્લતીર્થ આગળ. કુદરતનું એક બીજું સુંદર તીર્થ. અહીંથી આગળ ભરૂચ નજીક હવે નર્મદા સાગરને મળશે. દરેક નદી છેવટે સાગરને જ મળે ને ? કેટલું બધું કૂદતી ને દોડતી નર્મદા અહીં ધીમી પડે છે. પણ નર્મદા તે નર્મદા. બીજી નદીઓ જેટલી ધીમી તો પડે જ શાની ? સાગરમાંય દૂર સુધી પોતાનો ચીલો કરતી ધસે છે ને પછી તેમાં ભળી જાય છે.

આવી નર્મદા આપણી લોકમાતા છે. ગુજરાતની મોટી ને સુંદર નદી છે - આપણી આશા છે; જીવાદોરી છે.

તમને થાય છે ને કે મોટા થઈશું ત્યારે સગી આંખે ને થનગનતા પગે જાતે જ નર્મદાનો પ્રવાસ કરીશું ?

## શબ્દસમજૂતી

**પંખીની પાંખે ને પાણીના પ્રવાહે** વહેતા પાણી પર ઊંચેથી નજર રાખીને, પ્રવાહની જેમ ધસમસતાં **ધસારાબંધ** ઉતાવળે વહેતી **સ્તોત્ર** (દેવી-દેવતાની) છંદોબદ્ધ સ્તુતિ **ત્વદીય પાદપંકજં નમામિ દેવિ નર્મદે !** હે દેવિ નર્મદામૈયા ! તારાં ચરણકમળમાં હું નમન કરું છું **જબલપુર** મધ્યપ્રદેશનું શહેર **નૌકાવિહાર** હોડીમાં બેસીને ફરવું - સહેલગાહ કરવી તે **ચોસઠ જોગણી** ચોસઠ યોગિની, આપણે ત્યાં પુરાણોમાં જોગણીની સંખ્યા ચોસઠ છે એવી માન્યતા છે **ગૌરીશંકર** દેવી પાર્વતી અને ભગવાન શંકર **ઠેર ઠેર** ઠેકાણે ઠેકાણે, સ્થળે સ્થળે **મુશળધાર** (મુશળ એટલે સાંબેલું) સાંબેલા જેવી જાડી ધાર (અહીં વરસાદ) **મેઘધનુષ્ય** ધનુષ્યના જેવું અર્ધગોળ, સાત રંગોમાં દેખાતું રમણીય દૃશ્ય, ગામલોકો તેને 'કાચબી' પણ કહે છે **શંખજીરું** એક સફેદ ચીકણો પથ્થર **ઈટારસી, હોશંગાબાદ** મધ્યપ્રદેશનાં શહેરો **વિદ્યુત** વીજળી **બેટ** નદી કે દરિયામાં વચ્ચે આવેલો જમીન-ભાગ **શૂલપાણેશ્વર મહાદેવ** ત્રિશૂળધારી શિવ **સુખાકારી** સુખી હાલત, તંદુરસ્તી **શુક્લતીર્થ** નર્મદાકિનારે આવેલું પ્રાચીન તીર્થ **લોકમાતા** લોકોનું ભરણપોષણ કરનાર, ઉછેરનાર માતા (નદી માટે કાકા કાલેલકરે આ શબ્દ પ્રચલિત કર્યો છે.) **જીવાદોરી** જીવનનો મુખ્ય આધાર

## રૂઢિપ્રયોગ

**સ્વપ્ન ફળવું** - ઈચ્છા પૂરી થવી.

## ભાષાસજ્જતા

- **નીચેનો ફકરો વાંચો :**

**રમેશ** વૅકેશનમાં પાવાગઢના પ્રવાસે ગયો હતો. ત્યાં **રમેશ**ને રોપ-વેમાં બેસવાની ખૂબ મજા આવી. **રમેશે** તે વાત શાળામાં આવીને મિત્રોને કહી. **રમેશે** પ્રવાસ દરમિયાન પાડેલા જુદા જુદા ફોટા પણ બતાવ્યા. **રમેશ**ના મિત્રોને પ્રવાસવર્ણન સાંભળવાની અને ફોટા જોવાની ખૂબ જ મજા આવી.

ઉપરના ફકરામાં રમેશ શબ્દ કેટલી વાર વપરાયો છે ? એક જ શબ્દ વારંવાર આવે છે ત્યારે લખાણ લાંબું થતું જાય છે અને વાંચવામાં પણ કંટાળો આવે છે.

હવે, ઉપરનો ફકરો થોડા ફેરફાર સાથે નીચે દર્શાવ્યો છે તે વાંચો :

**રમેશ** વૅકેશનમાં પાવાગઢના પ્રવાસે ગયો હતો. ત્યાં **તેને** રોપ-વેમાં બેસવાની ખૂબ મજા આવી. **તેણે** તે વાત શાળામાં આવીને મિત્રોને કહી. **તેણે** પ્રવાસ દરમિયાન પાડેલા જુદા જુદા ફોટા પણ બતાવ્યા. **તેના** મિત્રોને પ્રવાસવર્ણન સાંભળવાની અને ફોટા જોવાની ખૂબ જ મજા આવી.

આ રીતે નામના બદલે જે શબ્દ વપરાય છે તેને **સર્વનામ** કહેવાય છે. બીજા ફકરામાં વપરાયેલાં **તેને, તેણે, તેના** વગેરે શબ્દો **સર્વનામ** છે.

## સ્વાધ્યાય

**1. નીચેના દરેક પ્રશ્નનો ઉત્તર એક-એક વાક્યમાં લખો :**

(1) નર્મદા નદી કયા સરોવરમાંથી નીકળે છે ?

(2) નર્મદાનો શો અર્થ થાય છે?

(3) ગુજરાતમાં નર્મદાએ બનાવેલો બેટ કયા નામે ઓળખાય છે?

(4) નર્મદા નદી કયા શહેર પાસે સાગરને મળે છે?

**2. નીચેના પ્રશ્નોના ઉત્તર લખો :**

(1) પંખીની પાંખે પ્રવાસ કરવો એટલે શું ?

(2) નર્મદા ભારતના કયા બે ભાગ પાડે છે ?

(3) નર્મદાને 'રેવા' શા માટે કહે છે ?

(4) બંદરકૂદ વિશેની વાતમાં સાહસની શી વાત આવે છે ?

**3. નીચેના શબ્દોની જોડણી સુધારો :**

(1) નઉકાવીહાર ______ (2) શુરવિર ______ (3) પત્થર ______

(4) અણિદાર ______ (5) આજ્ઞાકિંત ______ (6) જિવાદોરી ______

**4. નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દો આપો :**

(1) પર્વત ______ (2) નજીક ______ (3) કિનારો ______

(4) શિલા ______ (5) લાભ ______ (6) જળ ______

**5. નીચેના શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દો આપો :**

(1) પૂર્વ × ______ (2) સુંદર × ______ (3) ઊંચે × ______

(4) અજવાળું × ______ (5) લાંબી × ______ (6) સુખ × ______

**6. નીચેના દરેક શબ્દસમૂહ માટે એક શબ્દ આપો :**

(1) હોડીમાં બેસીને ફરવું-સહેલગાહ કરવી તે ______

(2) સાંબેલા જેવી જાડી ધાર ______

(3) ધનુષ્યના જેવું અર્ધગોળ, સપ્તરંગી દશ્ય ______

(4) નદી કે દરિયા વચ્ચે આવેલો જમીન-ભાગ ______

(5) લોકોનું ભરણપોષણ કરનાર, ઉછેરનાર માતા ______

**7. વિચારીને લખો :**

(1) સરદાર સરોવરથી શા ફાયદા થશે ?

(2) નર્મદાને ગુજરાતની જીવાદોરી કેમ કહી છે ?

**8. ઉદાહરણ પ્રમાણે શબ્દો બનાવો :**

**ઉદાહરણ :**

નર્મ - નર્મદા - આનંદ આપનારી

(1) સુખ ______ ______

(2) વર ______ ______

(3) શુભ ______ ______

(4) હર્ષ ______ ______

**9. નીચેના શબ્દોનો વાક્યપ્રયોગ કરો :**

(1) લીલોતરી : ______

(2) જીવાદોરી : ______

(3) બેટ : ______

**10. તમે કરેલા પ્રવાસનું વર્ણન કરતો પત્ર તમારા મિત્રને લખો.**

**11. નીચેના શબ્દોને શબ્દકોશના ક્રમમાં ગોઠવો.**

સુંદર, સરસ, સૈનિક, સફેદ, સિંચાઈ, સ્નાન

(1) ______ (2) ______ (3) ______ (4) ______ (5) ______

## પ્રવૃત્તિ

- તમારા વિસ્તારના બાગ-બગીચા, નદી, ખેતર, તળાવ જેવાં સ્થળોનું પર્યટન ગોઠવો. 'પર્યટનની મજા' વિશે નિબંધ-લેખન કરો.

❖

# 7. અલ્લક દલ્લક

બાલમુકુન્દ દવે

આ ઊર્મિગીતમાં રાસલીલાનો પ્રસંગ વણી લેવાયો છે. બાળકોને ગાવું ગમે એવું આ કાવ્ય છે. એમાં પ્રાસ, ઢાળ તેમજ શબ્દ નોંધપાત્ર છે.



અલ્લક દલ્લક, ઝાંઝર, ઝલ્લક,
રઢિયાળો જમનાનો મલ્લક,
એથી સુંદર રાધાગોરી,
મુખડું ઝળકે ઝલ્લક ઝલ્લક !



આભે પૂનમ ચાંદ ઊગ્યો છે,
રાસ ચગ્યો છે છમ્મક છમ્મક!
ગોપી ભેળો કાન ઘૂસ્યો છે,
ઢોલક વાગે ઢમ્મક ઢમ્મક !

રાધિકાનો હાર તૂટે છે,
મોતી ચળકે ચલ્લક ચલ્લક !
બધાં જડ્યાં પણ એક ખૂટે છે,
રુએ રાધિકા છલ્લક છલ્લક !





લીધું હોય તો આલને, કાના !
મોતી મારું ચલ્લક ચલ્લક !
તારાં ચરિતર છે ક્યાં છાનાં ?
જાણે આખો મલ્લક મલ્લક !

કાને ત્યાંથી દોટ મૂકી છે,
રીસ ચડી ગોપીજનવલ્લભ.
કદંબછાયા ખૂબ ઝૂકી છે,
બંસી છેડે અલ્લપ ઝલ્લપ !





રાધા દોડે ચિત્ત અધીરે,
રાસ રચ્યો છે અલ્લક દલ્લક
સૂર વણાયે ધીરે ધીરે,
ઉર તણાયે પલ્લક પલ્લક !

અલ્લક દલ્લક ઝાંઝર ઝલ્લક,
રઢિયાળો જમનાનો મલ્લક,
એથી સુંદર રાધાગોરી,
મુખડું ઝળકે ઝલ્લક ઝલ્લક !



## શબ્દસમજૂતી

**ઝાંઝર** સ્ત્રીઓ માટે પગે પહેરવાનું ઘરેણું **રઢિયાળો** આંખ ઠારે તેવો, સુંદર, મનમોહક **જમના** યમુના **મલ્લક** મુલક, પ્રદેશ **ઝળકે** ચમકે **ઝલ્લક ઝલ્લક** ઝળક ઝળક **ચગ્યો છે** ખૂબ ઝડપથી ગોળ ગોળ ફરી રહ્યા છે, સરસ રીતે ખેલાઈ રહ્યો છે **ઢોલક** ઢોલ **આલને** આપને **કાનો** કનૈયો, બાળકૃષ્ણ **ચરિતર** ચરિત્ર **ગોપીજનવલ્લભ** ગોપીઓના વહાલા કૃષ્ણ **કદંબ** એક વૃક્ષનું નામ **બંસી** વાંસળી **અલ્લપ ઝલ્લપ** અલપ ઝલપ, દૂરથી આછેરું સંભળાય તે રીતે

## રૂઢિપ્રયોગ

**ઉર તણાવું** – દિલ ખેંચાવું

## ભાષાસજ્જતા

- **જોડાક્ષરવાળા શબ્દો વાંચો :**

**અલ્લક, દલ્લક, ઝલ્લક, મલ્લક, છમ્મક, ઢમ્મક** વગેરે જેવા શબ્દોમાં એકસરખા બે મૂળાક્ષરો છે. સદંડી મૂળાક્ષરો એટલે દંડવાળા મૂળાક્ષરો. જેવા કે ખ, મ, લ, ય, સ, વ વગેરે.

અહીં ગીતને શબ્દોના પ્રાસને કારણે લય મળ્યો છે.

### સમાનાર્થી કહેવતો

ઉદાહરણ :

| | |
|---|---|
| **કાંકરે કાંકરે પાળ બંધાય** | ટીપે ટીપે સરોવર ભરાય. |
| **અધૂરો ઘડો છલકાય** | |
| **દાઝ્યા ઉપર ડામ** | |
| **ગાજ્યા મેઘ વરસે નહિ** | |
| **ઝાઝા હાથ રળિયામણા** | |

## સ્વાધ્યાય

**1. નીચેના દરેક પ્રશ્નોનો જવાબ એક-એક વાક્યમાં લખો :**

(1) રાધા કોના કરતાં સુંદર છે ?

(2) રાસ ક્યારે રચાયો છે ?

(3) રાસમાં કોણ કોણ રમે છે ?

(4) શ્રીકૃષ્ણ ક્યાં બેસીને બંસી વગાડે છે ?

(5) રાધિકા કોની પાસે શું માગે છે ?

**2. નીચેની કાવ્યપંક્તિ પૂર્ણ કરો :**

રાધિકા ........................................................

........................................................

........................................................ નો છલ્લક છલ્લક

**3. રાસ-ગરબા અંગેનો તમારો અનુભવ લખો.**

**4. જોડાક્ષરવાળા શબ્દો કાવ્યમાંથી શોધીને લખો.**

**ઉદાહરણ :** ઝલ્લક ઝલ્લક

(1) ________ (2) ________ (3) ________

(4) ________ (5) ________ (6) ________

**5. નીચે આપેલા શબ્દોને તમારી બોલીમાં લખો :**

(1) બધાં ________ (4) મૂક્યું ________

(2) ચાલ્યો ________ (5) આપ્યું ________

(3) કહ્યું ________ (6) શાળા ________

## 6. નીચેના શબ્દોને શબ્દકોશના ક્રમમાં ગોઠવો :

રાસલીલા, મુખડું, આભ, રાધાગોરી, રઢિયાળો, રાસ

(1) ________ (2) ________ (3) ________

(4) ________ (5) ________ (6) ________

### પ્રવૃત્તિ

- પુસ્તકાલયમાંથી કૃષ્ણગીતો મેળવીને તેનો હસ્તલિખિત અંક તૈયાર કરો.
- આ ગીત અભિનય સાથે પ્રાર્થનાસભામાં રજૂ કરો.

❖

# પુનરાવર્તન 2

**1. નીચેના દરેક પ્રશ્નનો ઉત્તર એક-એક વાક્યમાં લખો :**

(1) ગળે પડવાની ટેવ કઈ બીમારીમાં વધારે હોય છે?

(2) નર્મદાનો શો અર્થ થાય છે?

(3) રાધિકા કોની પાસે શું માગે છે?

**2. 'નર્મદા' નદી વિશે પાંચ વાક્યો લખો.**

**3. નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દો આપો :**

(1) ખબર ________ (2) તસ્દી ________ (3) શિલા ________

(3) કિનારો ________ (5) લાભ ________ (6) પર્વત ________

**4. કૌંસમાંથી યોગ્ય શબ્દ પસંદ કરીને લખો :**

(1) ________ ના રંગોમાં તું રમી રહ્યો રળિયાત. (મેઘધનુષ્ય, મેધઘનુષ્ય)

(2) ________ નગરીમાં એક મોચી રહેતો હતો (કાસી, કાશી)

(3) લાવ ને, જરા મોચીને ત્યાં ________ મારું (આંટો, આટો)

(4) મારે સજ્જનને અમુક કામને અંગે ________ જવાનું હતું. (મરવા, મળવા)

**5. કૌંસમાંથી યોગ્ય શબ્દ પસંદ કરીને લખો :**

(1) રસ્તા વચ્ચે ________ પડ્યો હતો. (પત્થર, પથ્થર)

(2) સવારે મેં ________ કર્યો હતો. (નાસ્તો, નાસતો)

(3) મારો જીવ ________ થઈ ગયો. (અદ્ધર, અધ્ધર)

(4) સૂર્ય એ ઊર્જાનો અખૂટ ________ છે. (સ્રોત, સ્ત્રોત)

6. **નીચેનાં વાક્યોમાં સંજ્ઞા નીચે લીટી દોરો.**

(1) મારે એક જાણીતા સજ્જનને મળવા જવાનું થયું.

(2) ગુજરાતની પૂર્વે મધ્યપ્રદેશ રાજ્ય આવેલું છે.

(3) નર્મદા બેટમાં કબીરવડ આવેલો છે.

7. **નીચે આપેલા રૂઢિપ્રયોગોના અર્થ લખી વાક્યોમાં પ્રયોગ કરો :**

(1) કિંમત કરવી - ______

(2) નિસાસો નાખવો - ______

(3) ઉર તણાવું - ______

(4) સ્વપ્ન ફળવું - ______

8. **નીચેનાં દરેક વિરામચિહ્નનો ઉપયોગ થતો હોય તેવાં બબ્બે વાક્યો લખો :**

(3) પૂર્ણવિરામ (3) અલ્પવિરામ (3) પ્રશ્નચિહ્ન (3) ઉદ્ગારચિહ્ન

9. **નીચેના આપેલા શબ્દોને શબ્દકોશના ક્રમમાં લખો :**

ત્રાડ, ત્રીજું, ત્રેવડ, ત્રાંસું, ત્રિકોણ

(1) ______ (2) ______ (3) ______ (4) ______ (5) ______

❖